dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
July 2010 For private circulation only Vol. 02 - Issue 37

...કેળવણી એ ... શિક્ષક અને વિદ્યાર્થી - એક વ્યકિત અને બીજી વ્યકિત - વચ્ચે ચાલતી પ્રક્રિયા છે. માનવી માનવી વચ્ચેના સંબંધોની સંજીવની કેળવણીની આ પ્રક્રિયામાં રહેલી છે. માટે તો, મુખ્યત્વે, કેળવણી આપકેળવણી છે. જે પોતાને સતત શીખવતો રહે છે તે, વખતે, અન્યને એના શિક્ષણમાં મદદરૂપ થઈ શકે. અને કેળવણી બે વ્યકિતઓ વચ્ચેની પ્રક્રિયા હોય તો પ્રેમ જેવું બીજું કોઈ તેનું માધ્યમ ન હોઈ શકે...

ઉમાશંકર જોશી (કેળવણીનો કીમિયો)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ગુર્જરગિરાના શ્રેષ્ઠ સર્જક, ગાંધીયુગના પ્રથમ કોટિઓમાંના એક પ્રથમ મૂર્ધન્ય કવિ, વિવેચક, તત્વદ્રષ્ટા, સમન્વયકાર આદિ અંશોથી સમૃદ્ધ જાગૃત સંશોધનકાર, વાર્તાકાર, એકાંકીકાર, નિબંધકાર, વિશ્વસંવાદના સાધક, ઊંચેરી ભેખડનો મોરલો એવા યુગદ્રષ્ટા કવિ ઉમાશંકર જોશીની એકસોમી જન્મ તિથી ૨૧મી જુલાઈના ધન્ય પર્વે આપણે વંદના કરીએ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ એમને વિશેષ યાદ કરવા રહયા. તેઓ યુનિવર્સિટીની સ્થાપના માટેની ગુજરાત રાજયે નીમેલી સમિતિના મહત્વના સભ્ય હતા. ગુજરાતના જે સાહિત્યકારોએ ભારતભરમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી તે પૈકી બે નામોમાં શ્રી કનૈયાલાલ મુનશી અને શ્રી ઉમાશંકર મુખ્ય છે. જો કે મુનશીજીને એમની રાજકીય પ્રતિભાએ આમાં મદદ કરી હશે તેવું કહી શકાય. કેન્દ્રીય સાહિત્ય અકાદમીમાં સૌ ભારતીય સાહિત્યકારોમાં મૂઠી ઊંચેરા સ્થાપિત થવાનું ગૌરવ તથા શાંતિનિકેતન જેવી વિદ્યાપીઠના કુલપતિ થવાનું સન્માન મેળવનાર ઉમાશંકરની એકસોમી જન્મ તિથી પર્વ નિમિત્તે સૌ ગુજરાતીઓએ શબ્દબ્રહ્મના યાત્રીને વંદન કરવા રહયા.

ઉમાશંકર જેઠાલાલ જોશી. જન્મ ૨૧ જુલાઈ, ૧૯૧૧. ગામ ઈડર તાલુકાનું બામણા. બામણાની પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવી, ગુજરાતી ચોથું ધોરણ ઈડર જઈ પૂર્ણ કર્યું. અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં મેટ્રિકની પરીક્ષામાં અમદાવાદમાં પ્રથમ નંબરે તથા મુંબઈ ઈલાકામાં ત્રીજા નંબરે ઉર્તીણ, ગુજરાત કોલેજમાં સ્કોલરશિપથી બે વર્ષ અભ્યાસ. ૧૯૨૮ના ઓકટોબરમાં આબુનો પ્રવાસ અને શરદપૂનમની રાત્રિએ નખી સરોવરનું સૌંદર્યદર્શન નિહાળી તરુણ કવિને કંઠ ફૂટેલો :

"સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપ મેળે." કવિની આ પ્રથમ કવિતા. ૧૯૩૦માં કોલેજ છોડી સત્યાગ્રહી તરીકે સ્વાતંત્ર્યની ચળવળમાં સક્રિય બન્યા અને સાબરમતી જેલમાં તથા યરવડાની તંબુજેલમાં ચૌદ અઠવાડિયા રહયા.

૧૯ વર્ષની વયે એ 'વિશ્વશાંતિ' કાવ્ય લઈને આવ્યા ત્યારે નરસિંહરાવ દિવેટિયા એનાથી પ્રભાવિત થયેલા અને કાકા કાલેલકરે એનું પુરોવચન લખેલું. ત્યારબાદ 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'અભિજ્ઞા', 'સપ્તપદી' જેવા કાવ્યસંગ્રહોમાં કવિની આંતરયાત્રા દેખાય છે. કવિએ નાટક, ટૂંકી વાર્તા, નવલકથા, નિબંધ, સંશોધન-સંપાદન, વિવેચન, પ્રવાસકથા આદિ પ્રકારો યશસ્વી રીતે ખેડયા. કવિ, વિવેચક અને સંશોધનકારનો ત્રિવેણીસંગમ તેમની કૃતિઓમાં જોવા મળે છે.

ઉમાશંકર શબ્દને સથવારે ચાલ્યા અને ચાલતાં ચાલતાં એ બની ગઈ 'આત્માની માતૃભાષા'. કવિ પોતે લખે છે, "ગામથી શબ્દ લઈ નિકળ્યો હતો. શબ્દ કયાં કયાં લઈ ગયો ? સત્યાગ્રહ છાવણીઓમાં, જેલોમાં, વિશ્વવિદ્યાલયમાં, સંસદમાં, રવીન્દ્રનાથની વિશ્વભારતીમાં, વિદેશના સાંસ્કૃતિક સમાજોમાં-એટલે કે વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં તો કયારેક માનવમૂલ્યોના સમકાલીન સંઘર્ષોની ધાર ઉપર, કોઈક પળે, એ સંઘર્ષોના કેન્દ્ર તરફ પણ." તેઓ 'અલ્વિદા દિલ્હી'માં શબ્દને સીધું કહે છે :

"શબ્દ, તું મને અહીં લઈ આવ્યો,
લઈ ચાલ ત્યાં,
જયાં તું કર્મ સાથે સરસાઈ કરે."

ગુજરાત યુનિવર્સિટીના ચૂંટાઈને બનેલા કુલપતિને ૧૯૭૪-૭૫ના નવનિર્માણ આંદોલન દરમ્યાન વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો એમને સાથ મળેલો. તત્કાલીન

વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાજીએ એમને સલાહસૂચન માટે બોલાવેલા અને ગુજરાતના આંદોલન વિશેની માહિતી લેતાં તેમણે કહેલું : "કેટલાક અધ્યાપકો ચીમનભાઈ સાથે છે અને કેટલાક તમારી સાથે છે." ઉમાશંકરે મકકમતાથી કહેલું, "ના, મારી સાથે કોઈ નથી, હું બધા અધ્યાપકો સાથે છું." આ વાત રઘુવીર ચૌધરીએ "ઉમાશંકર : તારી પૂર્ણતા ગઈ અડી મને" માં નોંધી છે.

'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !'
'વ્યકિત મટીને બનું વિશ્વમાનવી,
માથે ધરું ધૂળ વસુંધરાની'.

પોતાને અભિવ્યકત કરવા કવિએ સૉનેટ પ્રકારની કાવ્યરચનાઓની શરૂઆત કરી. ગાંધીયુગના પ્રમુખ કવિ બન્યા. કવિ જેટલા ઊર્મિલ છે. તેથી વધુ કદાચ બૌદ્ધિક છે, જેટલા પ્રયોગવાદી છે તેથી વધુ કદાચ પરંપરાવાદી છે.

ઉમાશંકર એક કેળવણીકાર તરીકેના તેમના ઉદ્‌બોધન, પ્રવચન અને લેખનો તેમના પુસ્તક 'કેળવણીનો કીમિયો'માં સંગ્રહાયાં છે. કેળવણી વિચારક તરીકેની તેમની પ્રતિભા તેમાં વ્યકત થાય છે. તેઓ લખે છે, " માણસના બાળકને માટે બીજાં પ્રાણીની પેઠે ચારો તૈયાર નથી. ચારો મેળવવા એણે સજ્જતા મેળવવાની છે..." કેળવણી શબ્દનો અર્થ સમજાવતાં તેઓ જણાવે છે, "સાચો કેળવણીકાર કોઈ ચોકકસ ઉકેલો હાથમાં પકડાવતો નથી, પણ ઉકેલ શોધવાની પ્રક્રિયા માણસમાં કામ કરતી થાય એમાં મદદરૂપ બને છે. અંગ્રેજી શબ્દ 'એડયુકેશન' પાછળના લેટિન મૂળ (e+duco : e, out - બહાર અને duco, to lead-દોરવું) નો સંસ્કૃત પર્યાય વિનય (વિ + ની, વિ- વિશેષ અને ની-દોરવું)નો અર્થ પણ માણસના ચૈતન્યને બહાર આણવું - પ્રેરવું એવો જ છે. આ કેળવણીનો કીમિયો લગભગ માતા જેવાં પ્રેમ અને ધીરજ જેનામાં હોય તેવો શિક્ષક અજમાવી શકે."

બાલમંદિરથી ઉચ્ચશિક્ષણ વિશેના તેમના ખ્યાલો મનનીય છે. ગીજુભાઈ બધેકાએ બાલવાડીનું નામ બદલી બાલમંદિર પાડયું. આ ભાવનાને ઉમાશંકરે કવિત્વભરી રીતે બિરદાવતાં કહયું છે : "બાળશિક્ષણ એ તો છે માણસના હૃદયમાંથી ફૂટી નીકળતો શુચિ વાત્સલ્યનો ફુવારો... દરેક બાળકમાં ભગવાનને જોવા ટેવાયો હશે તે શિક્ષક બાળકોની સારી સેવા કરી શકશે... જે શિક્ષક પોતાની સામે ઊભેલા નાનકડા બાળકના વ્યકિતત્વને પૂરેપૂરા આદરથી સ્વીકારીને તેની સાથે વર્તે છે તે એની કેળવણીમાં ઉપકારક થઈ શકવાનો. આવા શિક્ષકનું હૃદય લખી લખીને ઉદ્‌ગારતું હશે : નમઃ શિશુભ્યઃ - શિશુઓને નમન !"

આજના શિક્ષણ અંગે માર્મિક ટકોર કરતાં ઉમાશંકર કહે છે, "આજના વિદ્યાર્થીને નર્યો પરીક્ષાર્થી બનાવી મૂકવામાં આવ્યો છે. જીવનમાં કહેવાતાં ઉચ્ચ સ્થાનોએ પહોંચવા માટે મોટી કૃપા પરીક્ષાદેવીની જોઈએ એ જાતની અત્યારની સમાજરચના હોઈ વિદ્યાર્થી યેન કેન પ્રકારેણ પરીક્ષાદેવીનો પ્રસાદ પામવા મથે છે. એક પાઠ આવડયો તેના પાયા ઉપર બીજા પાઠના શિક્ષણની માંડણી થાય, પરીક્ષણ અને શિક્ષણ જોડા જોડ ચાલુ, આખું વરસ ચાલ્યાં કરે અને વરસને અંતે વિદ્યાર્થી પરિપકવ થઈ ચૂકયો હોય - એવી આપણી કેળવણી પધ્ધતિ નથી."

આ ટકોર પછી ઉમાશંકર પોતે સૂચવે છે કે જયાં શિક્ષક અને વિદ્યાર્થીની આંતરચેતનાનું સમસંવેદન હોય ત્યાં સાચી વિદ્યાનો આનંદ મળે છે : "ભણાવવાનો જે થોડો ઘણો અનુભવ છે એ ઉપરથી કહી શકું કે અમારે શિક્ષકોને મન વર્ગ એ સ્વર્ગ છે" કારણ કે-વર્ગમાં માત્ર માહિતી આપવાની હોતી નથી, ચોપડીઓનો પરિચય કરવાનો છે એટલું જ નહીં, વિદ્યાપ્રિતીના તાર ઝણી ઊઠે એ કીમિયો કરવાનો હોય છે. ગમે તેવા બેધ્યાન વિદ્યાર્થીને પણ જીવનભર એવી એકાદ ક્ષણનું સ્મરણ ન રહેવા પામે તો વર્ગની એ પાયાની ઊણપ."

કેળવણી એ વ્યકિતવિકાસ અને સામાજિક પરિવર્તનનું મુખ્ય સાધન છે. ઉમાશંકર કહે છે કે, "વિદ્યાર્થીઓ અસ્કયામત છે, મિલકત છે, પણ દેશની - જેઓ કારકિર્દી જમાવવા માંગે છે તેઓની નહીં."

કેળવણીના વિચારોમાં ભાષાના સ્થાન વિશે તેઓ કહે છે, "પાયાની કેળવણીનાં સાત વરસમાં ગુજરાતી ઉપરાંત છેલ્લા ત્રણ વરસમાં આંતરભાષા હિંદીનો પણ પરિચય કરાવાય." ત્યાર પછી અંગ્રેજી ભાષાનું જ્ઞાનભાષા તરીકેનું અનિવાર્ય સ્થાન સમજાવતાં ઉમાશંકરે "અંગ્રેજીનો દીવો ઓલવશો નહીં" એમ કહયું છે. તેમના શબ્દોમાં, "ગુજરાતના યુવકો અંગ્રેજી ભાષામાં પોતાના વિષયના પુસ્તકો છૂટથી વાંચી શકે એવી સ્થિતિમાં નહીં હોય તો જોત જોતામાં આ પ્રદેશનું જીવન અંધકારમય બનશે."

ઉમાશંકર કેળવણી વિચારણામાં "વિશ્વવિદ્યાલયનો આદર્શ" આપે છે અને આ આદર્શ ત્રણ પ્રશ્નોના જવાબમાં તેનો ઉત્તર આવી જાય છે.

(૧) સાધન અંગે - કેળવણીના વાહન તરીકે સ્થાનિક ભાષા છે ?

(૨) સાધ્ય અંગે - વિશ્વવિદ્યાલયમાંથી 'માણસ' બહાર નીકળશે કે યંત્રો માટેનો જીવતો માલ ?

(૩) સાધક અંગે-વિશ્વવિદ્યાલયના કેન્દ્રમાં વિદ્યાપુરુષ છે કે વ્યવહાર પુરુષ ?

સાધન અંગે મતભેદ હોઈ શકે પરંતુ સાધ્યમાં મતભેદને કોઈ સ્થાન હોઈ શકે નહી.

આવા આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર માટે ગુજરાત ગૌરવ અનુભવે છે. તેમના જન્મશતાબ્દી પર્વે આપણે સૌ એમની વંદના કરીએ.

૧૫ જુલાઈ, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એમસીઆઈટીની વિદ્યાર્થિની પૂજા ચૌરૂષિ ગત સપ્તાહમાં ટ્રાયથ્લોનની સ્પર્ધામાં ભાગ લેવા કઝાકિસ્તાનના કોકસેતાઉ ખાતે ગઈ હતી. જુનિયર ટ્રાયથ્લોનની સ્પર્ધામાં પૂજાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં ત્રણેય કૌશલ્ય એકસાથે દર્શાવવા પડે છેઃ સૌપ્રથમ ૭૫૦ મીટર સ્વિમિંગ, ત્યારબાદ ૨૦ કિ.મી. સાયકલિંગ અને તરત જ ૫ કિ.મી. રનિંગ કરવાનું હોય છે. આ અંતર પૂજાએ ૧ કલાક ૬ મિનિટ અને ૪૫ સેકન્ડમાં કાપ્યું હતું. જોકે, કમનસીબી એ વાતની રહી હતી કે આ સ્પર્ધામાં ગોલ્ડમેડલ મેળવનાર યુવતીએ આ અંતર ૧ કલાક ૬ મિનિટ અને ૧૫ સેકન્ડમાં પૂરું કર્યું હતું. માત્ર ૩૦ સેકન્ડ માટે પૂજા ગોલ્ડ મેડલ મેળવવાથી વંચિત રહી હતી. જો કે, આમ છતાં તે સિલ્વર મેડલ મેળવવાની હકકદાર બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પૂજા ચૌરૂષિ ભારત તરફથી ભાગ લેનાર એકમાત્ર સ્પર્ધક હતી. અભિનંદન.

## અભ્યાસ કેન્દ્ર

કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિના સક્રિય પ્રયાસોથી અમદાવાદ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટી ગ્રંથાલયમાં કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગને બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સનું અભ્યાસકેન્દ્ર ફાળવવામાં આવેલ છે. આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે કોઈ પણ સ્નાતક પદવીની આવશ્યકતા રહે છે. ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલ, એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીસ તથા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને માન્યતા પ્રાપ્ત થયેલ છે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૪-૮-૨૦૧૦ છે. વધુ વિગત www.baou.edu.in પર સંપર્ક કરવો.

આ અભ્યાસક્રમની વિશેષતા એ છે કે અન્ય અભ્યાસક્રમોની સાથે સાથે અભ્યાસ કરી શકાય છે. આ અભ્યાસક્રમ ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમ પૂર્ણ કરવાથી શાળા ગ્રંથાલયો, સાર્વજનિક ગ્રંથાલયો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ નોકરીની વિપુલ તકો ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું આ સૌપ્રથમ અભ્યાસકેન્દ્ર છે.

## Ph.D.

A list of Aoctoral theses accepted by Veer Narmad South Gujarat University, Surat during June 2010 to July 2010.

**Chemistry**

1. Barvalia, Rekha Shambhubhai. Physicochemical study binary and ternary complex and their schiff bases of oxo cations., (Dr. B.T. Thaker) Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.
2. Modi, Jigisha Ashisbhai. Design, synthesis and antimicrobial evaluation of some novel heterocycles. (Dr. K. C. Patel), Professor, Department of Chemistry Veer Narmad South Gujarat University, Surat.
3. Rana, Pragnesh Babubhai. Comparative studies of novel heterocyclic compounds synthesized by microwave and conventional method and their antimicrobial activities. (Dr. Bhavnaven D. Misty), Department of Chemistry, B.K.M. Science College, Valsad.
4. Shah Hiren, Mukeshkumar. Synthesis and features of fluorescent probe containing polymers. (Dr. (Smt.) S. K. Patel), Associate Professor, Department of Chemistry, Veer narmad South Gujarat University, Surat.
5. Singh, Anil Ramakant. Synthesis. Characterization and thermal properties of polyesters and polyamides containing aliphatic hydroxy acids. (Dr. (Smt.) S. K. Patel), Associate Professor Department of Chemistry. Veer Narmad South Gujarat University, Surat.

**Education**

1. Patel, Darshana Dhirubhai. દક્ષિણ ગુજરાત ક્ષેત્રના માધ્યમિક શિક્ષકોની શૈક્ષણિક પ્રૌદ્યોગિકી અંગે જાગૃતિ. (Dr. Ummed Singh) Associate Professor, Education Department, Veer Narmad South Gujarat University, Surat.

**Gujarati**

1. Patel, Mahendrakumar Ranchhodbhai. ફાધર વાલેસઃ એક અધ્યયન. (Dr. Ashvin Desai), Retd Professor, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.

**Management**

1. Basu Ipshita Pinak. Issues and challenges facing the indian power sector- a study of select gas - based power plants in Hazira belt, Surat. (Dr. Renuka Garg) Professor & Head, Dept. of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

**Microbiology**

1. Fattepurkar, Nandini Pandurang. A comparative study of enzymes produced by alkalophilic bacteria. (Dr. Pratibha Desai), Department of Microbiology, Shri Ramkrishna Institute of Computer Education & Applied Sciences, Surat.

**Plant Science**

1. Mehta, Hemangi Arunchandra. A comparative evaluation of nasya and dhuma nasya in the management of sinusitis. (Dr. Minoo H. Parabia), Retd Professor & Head, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat.

**Rural Studies**

1. Patel, Nileshbhai Ishwarbhai. ગુજરાતના આદિવાસી વિસ્તારોના સંદર્ભમાં ગ્રામસભા દ્વારા ગ્રામવિકાસની કામગીરીનું વિશ્લેષણ અને વિકલ્પો. (Dr. Dilip R. Shah), Retd. Professor & Head, Department of Rural Studies, Veer Narmad South Gujarat university, Surat.

## ડેટાબેસ

રાષ્ટ્રીય ભારતીય આયુર્વિજ્ઞાન સંપદા સંસ્થાન, કેન્દ્રિય આયુર્વેદ એવમ્ સિધ્ધ અનુસંધાન પરિષદ, આયુષ વિભાગ, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર તરફથી યુનિવર્સિટી ગ્રંથાલયને 'Research Data Base of Ayurveda, Siddha and other related Sciences" (Vol. 1 to 4) ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. આ ડેટાબેસ સંશોધકોને અતિ ઉપયોગી નિવડશે.

## Award

Ⓐ Dr. Bhavna A. Shah, Associate Professor, Chemistry Department, V.N.S.G.U., Surat, has been awarded **E-type Hungarian Scholarships for research stay** by Hungarian Scholarship Board (HSB) Hungary for the year 2010-2011. She was nominated by UGC under cultural exchange programme Indo-Hungarian Scholarship. She will be visiting University of Debrecen, Hungary for her collaborative research for one month duration in January, 2011. Congratulation.

Ⓐ Dr. Damyanti Parmar, Reader and Head, Department of Comparative Literature, has been nominated and selected for a prestigious "Rashtirya Gaurav Award" by India International Friendship Society, (IIFS), New Delhi for the year 2010. The Award will be presented on 19'h September, 2010 at New Delhi. The Society in the recent past has conferred this honour to several leading personalities like Mother Teresa, Vice President B.D. Jatti, Justice Fatima Beervi, General G.V. Krishna Rao and also Chief Justice P.N. Bhagwati, Chief Election Commissioner C.V.G. Krishnamurti, Shri Veerappa Moliy, former Director of CBI, Joginer Singh etc. in various specialized fields like, Science and Technology, Education, Social Work etc. This indeed in an honour for the University. Congratulation.



## Result

| No.. | Examination | Percentage |
|---|---|---|
| 134. | S.Y.B.A. (Reg.) | 93 |
| 135. | S.Y.B.A. (Ext.) | 93.04 |
| 136. | LLB Sem-4 | 78.35 |
| 137. | M.Sc. (Env.) Sem-1. | 0.1 |
| 138. | M.Sc. (Env.) Sem-2 | 57.60 |
| 139. | M.A. Mass Com 2nd Sem. | 100 |
| 140. | M.A. Mass Com. Sem-4 | 100 |
| 141. | M.Sc. (IT) Sem-6 | 93.64 |
| 142. | M.A. I (Reg.) | 85.07 |
| 143. | M.A. I (Ext.) | 32.05 |
| 144. | MLW (Part-II) | 100 |
| 145. | MSc. (IT) Sem-8 | 100 |
| 146. | MSc. (Bio Info.) Sem-1 | 0 |
| 147. | MA-II (Reg.) | 94.08 |
| 148. | BE-Sem-8 (Civil) | 76 |
| 149. | BE Sem-8 (Chemical) | 91 |
| 150. | BE Sem-8 (Computer) | 95 |
| 151. | BE Sem-8 (Electrical) | 96 |
| 152. | BE Sem-8 (EC) | 96 |
| 153. | BE Sem-8 (IC) | 97 |
| 154. | BE Sem-8 (TP) | 97 |
| 155. | BE Sem-8 (Mechanical) | 93 |
| 156. | B.Arc Sem-1 | 37 |
| 157. | B.Arc Sem-2 | 75 |
| 158. | B.Arc Sem-3 | 77.78 |
| 159. | B.Arc Sem-4 | 91 |
| 160. | B.Arc Sem-6 | 98 |
| 161. | B.Arc Sem-8 | 95 |
| 162. | B.Arc Sem-9 | 20 |
| 163. | B.Arc Sem-10 | 87 |
| 164. | L.L.B. Sem-1 | 70.69 |
| 165. | L.L.B. Sem-2 | 57.60 |
| 166. | M.A. II (Ext) | 62.04 |
| 167. | B.E. Sem-1 (Dn I) | 44.51 |
| 168. | B.E. Sem-1 (Dn II) | 39.16 |

## પ્રભારી-નિમણૂંક

યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતા નીચે જણાવેલ શૈક્ષણિક કર્મચારીઓની તેઓના નામ સામે જણાવેલ યુનિવર્સિટી સંલગ્ન પ્રત્યેક જીલ્લાઓ માટે 'પ્રભારી' તરીકે કુલપતિશ્રીએ નિમણૂંક કરેલ છે.

૧. ડૉ. જયદીપ એન. ચૌધરી, રીડર, વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગ. (જીલ્લો-ભરૂચ)
૨. શ્રી અમિત આર. પ્રજાપતિ, લેકચરર, અંગ્રેજીનો અનુસ્નાતક વિભાગ. (જીલ્લો-ભરૂચ)
૩. ડૉ. સુબોધકુમાર એસ. ગોદરે, રીડર, ભૌતિકશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ. (જીલ્લો-નર્મદા)
૪. ડૉ. મુનિર અહેમદ જી. તિમોલ, રીડર, ગણિતશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ. (જીલ્લો-નર્મદા)
૫. ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલ, રીડર, ભૌતિકશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ. (જીલ્લો-નવસારી)
૬. ડૉ. પંકજસિંહ બી. ઠાકોર, રીડર, ભૌતિકશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ. (જીલ્લો-નવસારી) અને (જીલ્લો-સુરત)
૭. ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલ, રીડર, ભૌતિકશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ (જીલ્લો-સુરત)
૮. ડૉ. નિલેશ બી. જોષી, રીડર, જાહેર વહીવટનો અનુસ્નાતક વિભાગ (જીલ્લો-તાપી)
૯. ડૉ. સિંગરાજુ એસ. રાવ. રીડર, અર્થશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ (જીલ્લો-તાપી)
૧૦. ડૉ. રૂસ્તમ ડી. મોરેના, રીડર, કમ્પ્યૂટર સાયન્સ વિભાગ. (જીલ્લો-વલસાડ)
૧૧. ડૉ. રવિ એમ. ગુલાટી, લેકચરર, કમ્પ્યૂટર સાયન્સ વિભાગ. (જીલ્લો-વલસાડ)

## સેનેટ-નિમણૂંક

૧. ડૉ. પંકજકુમાર કાંતીલાલ ગઢીયા
પ્રો. એન્ડ હેડ, બાયોસાયન્સ વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૨. ડૉ. પરમાર ગણેશભાઈ સોમાભાઈ
પ્રો. એન્ડ હેડ, એજયુકેશન વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૩. ડૉ. રાકેશ નટવરલાલ દેસાઈ
પ્રો. એન્ડ હેડ, અંગ્રેજી વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૪. ડૉ. શૈલેષકુમાર ગંભીરસિંહ માંગરોલા
આચાર્યશ્રી
એમ. આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ
રાજપીપલા.

૫. ડૉ. છાયા કમલ ગીરીશચંદ્ર
સરકારી વિજ્ઞાન કોલેજ, વાંસદા રોડ, પથિકાશ્રમ
તા.ચિખલી.

૬. ડૉ. નાગાસુરી રવિન્દ્ર એમ.
આચાર્યશ્રી
શ્રીમતી બી.એન.બી. સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવ

૭. ડૉ. આર. ક્રિષ્નામૂર્થિ
ડાયરેકટરશ્રી/આચાર્યશ્રી
ભગવાન મહાવીર કોલેજ ઓફ એમ.એસસી. બાયોટેકનોલોજી,
વેસુ, સુરત.

## ગ્રંથાલય મુલાકાત

જોયસ પ્રાયમરી / સેકન્ડરી ઈંગ્લીશ સ્કુલ, વરાછાના ૧૮૯ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને ૧૦ શિક્ષકોએ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લઈને ગ્રંથાલયની સેવાઓ અને ગ્રંથ સંગ્રહથી પરિચિત થયા.

## અભ્યાસક્રમ

યુનિવર્સિટી દ્વારા નવસ્થાપિત કોમર્સ ભવન એમ.કોમ. ઈંગલીશ મિડીયમની પ્રવેશ પ્રક્રિયા સાથે સૌથી મોટી કોમર્સ ફેકલ્ટીનો પોતીકો વિભાગ શરૂ કરાશે. યુનિવર્સિટીના કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રિ. ડૉ. વી.ડી. નાયકે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે કોમર્સમાં M.Com. નું રીકાઉન્સેલીંગ યોજાઈ રહયું છે. યુનિવર્સિટીએ રીકાઉન્સેલીંગના આ દૌરમાં નવરચીત કોમર્સ ભવનમાં પણ શિક્ષણનો સંચાર શરૂ કરાશે. યુનિવર્સિટી પાસે આજ પર્યંત કોમર્સ ડિપાર્ટમેન્ટ નહોતો. જે આ વર્ષે જ સ્થપાયો છે. પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષથી યુનિવર્સિટી આ વિભાગને ધબકતો કરવા કટીબધ્ધ બની છે. આ વિભાગમાં M.Com.ની ૬૦ બેઠકોના ઈન્ટેક સાથે ઈંગ્લીશ મિડીયમમાં કોર્ષ શરૂ કરાશે. આ વિભાગમાં હાલ કોર્ષ કો. ઓર્ડિનેટર તરીકે DBIM ના પ્રો. ડૉ. વિનોદ પટેલને ચાર્જ સોંપાયો છે.જેમાં કોમર્સ ભવનની ૬૦ બેઠકોને પણ આવરી લેવાશે. યુનિવર્સિટીમાં કોમર્સના અલાયદા ભવનને પગલે અન્ય વિદ્યાશાખાની જેમ આ વિદ્યાશાખામાં શિક્ષણ અને સંશોધનની પ્રવૃત્તિને વેગ મળશે. સરવાળે તેનો ફાયદો કોમર્સ ફેકલ્ટી રીલેટેડ તમામ ક્ષેત્રોને થશે. અત્યાર સુધી કોમર્સ ફેકલ્ટીમાં સંશોધનની પ્રક્રિયા મંદ હતી.

## Orientation Programmes

**Orientation Programmes** (For Newly Recruited Lecturers; Only One OP is compulsory for all lecturers) General Subjects: 15-11-10 to 12-12-10, 7-3-11 to 3-4 11 **Refresher Courses** :( Only after OP and with a gap of One year after OP or previous RC) (a) Rural Studies: 15-11-10 to 5-12-10 (b) Environmental Education (Multi Disciplinary): 7-2-11 to 27-2-11 (c) Research Methodology in Languages (Inter Disciplinary): 7-2-11 to 27-2-11 (d) Business Studies (Inter Disciplinary): 7-3 11 to 27-3-11 (e) ICT Application (Multi Disciplinary): 7-3-11 to 27-3-11 (f) Research Methodology in Social Science (Inter Disciplinary): 7-3-11 to 27-3-11 (g) Physics and Electronics: 7-3-11 to 27-3-11 **Short Term Programme**: (Any stakeholder can attend it, as per the metnion in each programme)(a) Training Programme on Research: What, Why and How for Research Scholars (Social Sciences): 17-20 July 10 (b)Workshop: for Principals :Quality in Practices: 18-19 Sept.,10 (c) National Convention of IAPT (in association with Dept.of Physics): 21 23 Oct.,10 (d) Training Programme for Academic Administrators of Colleges: Managing Administration: 22-24 Oct.,10 (e) Training Programme for Academic Administrators of Universities: Managing Administration: 26-27 Feb.,II (f) Gathering of senior Faculties for Idea Generation: 4-6 March 11. Contact: Smt.C.R.Gardi Academic Staff College, Saurashtra Univesity, Rajkot.www.ascrajkot.org

## NET



યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રા. મુકેશ વસાવાએ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની NET ની પરીક્ષા તુલનાત્મક સાહિત્ય વિષયમાં જુન - ૨૦૦૯માં પાસ કરેલ છે. અભિનંદન

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

- બી.જૈન બુક પબ્લીશર, દિલ્હી દ્વારા આણંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજમાં તા. ૧-૭-૨૦૧૦ના રોજ કવીઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોમ્પિટીશનમાં સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા નં. ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થિની સાઈમા ઝુબેર સિદ્દીકીએ દ્વિતિય ક્રમ મેળવીને રૂા. ૧૫૦૦/- નું ઈનામ મેળવ્યું હતું
- સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરત. મહેંદી તથા ચિત્રકળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મહેંદી સ્પર્ધામાં ૩૮ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. તેમાંથી અરેબીક મહેંદીમાં પ્રથમ કું. પ્રીતી ટાંક, દ્વિતીય કું. સાફિયા કાઝી તથા તૃતીય કુ. વૈષ્ણવી ગોટાવાલા તેમજ પારંપરિક મહેદીમાં પ્રથમ કુ. પંકતી વિદાની, દ્વિતીય કુ. ભૂમિકા ચૌહાણ અને તૃતીય કુ. સ્વેતા હરખાની રહયા હતા. ચિત્રકળા સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં પ્રથમ કુ. ગોરવ આદેસરા, દ્વિતીય કુ. બિન્ની ઝવેરી તથા તૃતીય કુ. નીલા પારેખ અને કુ. શાક્ષી ચૌહાણ રહયા હતા. બન્ને સ્પર્ધાઓમાં નિરીક્ષક તરીકે શ્રીમતી મયુરીબેન એસ. દેસાઈએ અને શ્રીમતી ગીતાબેન દેસાઈ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

## સ્વર્ણિમ ગુજરાત



- વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા માં સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ અંતર્ગત રાજયના કૃષિ અને શિક્ષણ ક્ષેત્રનાં સંયુકત સાહસથી રાજયની કોલેજોને અપાયેલ સ્વર્ણિમ ગ્રાન્ટ હેઠળ, સોઈલ ટેસ્ટીગની કામગિરી સફળતા પૂર્વક પાર પાડવામાં આવી છે. રાજયનાં મહેસાણા જીલ્લાનાં વડનગર તાલુકાનાં લગભગ ૧૦,૦૦૦ જેટલા સેમ્પલની સોઈલ ટેસ્ટીગની કામગીરી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા કોલેજને સોંપવામાં આવી હતી. આ અંગે આચાર્ય અને નવસારી ડાંગ જીલ્લાનાં ડ્રીસ્ટ્રીકટ કોર્ડિનેટર ડૉ. એમ. એન. વશી. અને કોલેજનાં સોઈલ ટેસ્ટીગનાં કો-ઓર્ડિનેટર પ્રા. ડૉ. જિજ્ઞેશ દેસાઈ તથા રસાયણશાસ્ત્રનાં અન્ય પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને લેબોરીટરી નાં સહકાર્યકરોનાં સહકારથી ઉપરોકત સેમ્પલનું સોઈલ ટેસ્ટીગનું કાર્ય, સૌ પ્રથમ પૂરૂ કરનાર દક્ષિણ ગુજરાતની એકમાત્ર પ્રથમ કોલેજ અને સમગ્ર ગુજરાતમાં બીજો ક્રમ પ્રાપ્ત કરનાર કોલેજ તરીકે સિધ્ધી પ્રાપ્ત થઈ છે.
- "વાંચે ગુજરાત" અંતર્ગત એન. એચ. શાહ કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓને ઈતર વાંચન તરફ વાળવા અને મોટીવેટ કરવા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં પ્રો. એ. એન. ભટ્ટે પ્રિ.ડૉ.જે.એમ.નાયકને અઢાર પ્રશ્નો અઢારસો કોમર્સના વિદ્યાર્થીઓ સમક્ષ પૂછવામાં આવ્યા હતા જેના પ્રત્યુત્તર ડૉ. નાયકે આપ્યા હતા અને આ રીતે વિદ્યાર્થીઓને 'તરતાં પુસ્તક' થી માહિતગાર કરીને એમને વાંચવા માટે પ્રેરિત કર્યા હતા.

સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ની ઉજવણી અને વી.એસ.પટેલ કોલેજની સુવર્ણ જયંતિ નિમિત્તે કોલેજના એન. એસ. / એન. સી. સી. ના સંયુકત ઉપક્રમે બીલીમોરા શહેરના સિનિયર પી. એસ. આઈ. આર. આર. ત્રિવેદીએ વિદ્યાર્થીઓને એન્ટી રેગીંગ વિષય પર કાનુની પ્રવચન આપ્યુ હતું. જેમાં તેમણે રેગીંગ એટલે શું? રેગીંગ વિષય પર કાનુની પ્રવચન આપ્યું હતું. જેમાં તેમણે રેગીંગ એટલે શું? રેગીંગના કિસ્સાઓમાં કાયદાકીય જોગવાઈઓ મુજબ થતી સજાઓની માહિતી આપી. કેટલાક આવા રેગીંગના દાખલાઓ આપીને વિદ્યાર્થીઓને રેગીંગના પ્રસંગે નિર્ભય પણે પોલીસનો સંપર્ક અથવા તો કોલેજના આચાર્ય કે અધ્યાપકોનો સંપર્ક કરવા જણાવ્યુ હતું. અને આવી ગેરકાનુની પ્રવૃતિથી દૂર રહી પોતાની યુવાનીનું આવનાર ભવિષ્યને ધ્યાનમાં રાખી સમયના સદ ઉપયોગ કરવા અને માત્ર ભણવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવા ભારપૂર્વક સલાહ આપી હતી.



## ઉદ્‌ઘાટન

ભરૂચ ઈકરા શૈક્ષણિક સંકુલ ખાતે બી.સી.એ. કોલેજના ઉદ્‌ઘાટન પ્રસંગે કુલપતિ પ્રોફે. બી.એ. પ્રજાપતિએ યુ.જી.સી. ગ્રાન્ટ કમિશનના સર્વેની માહિતીને ટાંકતા ઉચ્ચ શિક્ષણ માટે મુસ્લિમ સમાજે વધુ કટીબદ્ધતા દાખવવાની જરૂરિયાત ઉપર ભાર મૂકયો હતો. ભરૂચના ઈકરા શૈક્ષણિક સંકુલ ખાતે બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશનના કોર્સને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત થતાં યોજાયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં વાગરા મત વિસ્તારના ધારાસભ્ય અને વિધાનસભામાં કોંગ્રેસના દંડક ઈકબાલભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં પૂર્વ ધાર સભ્ય પી.ડી.વસાવા, ભરૂચ જિલ્લા કલેકટર રૂપવંતસિંહ, ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જહાંગીરખાન પઠાણ, પ્રભારી અશોક પંજાબી, આદમ આબાદનગરવાલા, હમીદખાન પઠાણ, યુનિવર્સિટીના સેનેટ સભ્ય પ્રવિણસિંહ રણા, મુન્શી સ્કૂલના કો-ઓર્ડિનેટર સુલેમાન પટેલ, ઈકરા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ સુલેમાન હાટિયા, કોર્પોરેટર સલીમભાઈ અમદાવાદી સહિત વિવિધ શૈક્ષણિક સંસ્થાના હોદ્દેદારો વિવિધ ગામના સરપંચો, શિક્ષકો અને લોકો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા ડૉ. બી. એ. પ્રજાપતિએ "Knowledge Economy" ની વિસ્તૃત પરીભાષા આપતાં યુજીસી ગ્રાન્ટ કમિશન દ્વારા ૧૬ થી ૨૩ વર્ષના યુવક - યુવતીઓમાં ઉચ્ચ શિક્ષણના જાતિ વિષયક કરેલા સર્વેક્ષણ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે મુસ્લિમોમાં ૧૦૦ ની ગણતરીમાં ૬ છોકરા અને ૪.૮ ટકા છોકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે છે. જે વાસ્તવિકતાને સ્વીકારી મુસ્લિમોએ ઉચ્ચ શિક્ષણમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. વાગરા મત વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત વિધાન સભામાં કોંગ્રેસના દંડક ઈકબાલભાઈ પટેલે પોતાના વકતવ્યમાં સમાજને સંબોધતા શિક્ષણ સિવાય અન્ય કોઈ વિકલ્પ નહીં હોવાનું જણાવી દહેજના સ્પેશ્યલ ઈકોનોમી ઝોનમાં રોજગારીની વિપુલ તકોની ચર્ચા કરી દેશના મહત્તમ ઔદ્યોગિક એકમો ગુજરાત અને દહેજ તરફ મીટ માંડી બેઠા છે, ત્યારે મુસ્લિમ બાળકોને રોજગારી માટે સુસજ્જ કરવા શિક્ષિત કરવા તે આપણા સૌની ફરજ હોવાનું જણાવતાં ભરૂચ જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓને ઉચ્ચ શિક્ષણના વધુ અભ્યાસક્રમો ગુણવત્તાસભર શિક્ષણ આપી વિદ્યાર્થીઓને સુસજ્જ કરવા આહવાન કર્યું હતું. માજી ધારા સભ્ય પી.ડી. વસાવાએ શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકતા મનુષ્ય અને પ્રાણીને અલગ પાડનારા જો કોઈ માધ્યમ અને પ્રાણીને અલગ પાડનાર જો કોઈ માધ્યમ હોય તો તે માત્ર શિક્ષણ છે તેમ જણાવ્યું હતું. ઈકરા શૈક્ષણિક સંકુલના કર્તા હતાં. મૌલાના હબીબર્રેહમાન મતાદારે સંસ્થા દ્વારા વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવા કરાયેલ સંઘર્ષ એ જ સફળતાની ચાવી છે. અને મૂસ્લિમ એ જ જે નિરાશ ન થતાં સતત સંઘર્ષ કરી સફળતા મેળવે તેમ જણાવ્યું હતું. પૂર્વ સાંસદશ્રી અહમદભાઈ પટેલે કોલેજને રૂપિયા ૧૦ લાખનું દાન આપવાની જાહેરાત કરી હતી.

## વૃક્ષારોપણ

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, વાડોદમાં તા. ૦૭/૦૭/૨૦૧૦ના રોજ યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં આચાર્યશ્રી, પ્રાધ્યાપકો અને તાલીમાર્થીઓ દ્વારા વૃક્ષોની રોપણી કરવામાં આવી.

## વાર્તાલાપ

બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં વર્ષ ૨૦૧૦-૧૧ ના વર્ષના મને ગમતું પુસ્તક વાર્તાલાપ પ્રોજેકટનાં પ્રથમ વાર્તાલાપ સંપન્ન થયા. લાયબ્રેરિયન શ્રી અશોકભાઈ રાઠોડે પુસ્તક વાચનનું મહત્વ સમજાવ્યું હતું. ગીફ્ટ ઓફ ગોડ, મેજીક ઓફ બીગ થીંકીંગ અને સ્ત્રી, દીકરી, પત્ની, માતા પુસ્તક વિશે ત્રણ તાલીમાર્થીઓએ ભાગ લીધો.


## પરિણામ

ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, એમ્.એડ્ નું ૨૦૦૯-૧૦માં ૧૦૦% પરિણામ આવ્યું છે. જે પૈકી ડિસ્ટીંકશન ૧૭, ફસ્ટકલાસ ૬ અને સેકન્ડ કલાસ ૨ વિદ્યાર્થીઓ છે.

## શોધપત્ર

વાડિયા વિમેન્સ કોલેજ, સુરત અને નવયુગ આર્ટસ કોલેજ, સુરતનાં પ્રા. ડૉ. રીતા ત્રીવેદીએ રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, તિરૂપતિ ખાતે તા. ૨ થી ૪ જૂન, ૨૦૧૦ દરમ્યાન યોજાયેલ ઓલ ઈન્ડિયા ઓરિએન્ટલ કોન્ફરન્સમાં 'સંસ્કૃત સાહિત્ય કા સમ સામયિક સંવેદન' વિષય પર શોધપત્રનું વાચન કર્યું હતું.

## પ્રદર્શન




વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં જિલ્લા ફલ્ડ કન્ટ્રોલ રૂમ નવસારીની સૂચના અનુસાર તાલુકામાં આવેલ ફલ્ડ વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી માટે બચાવની તાલીમ આપવા ગાંધીનગરથી 146-NDRF (CRPF) GUJ. ની ટીમે તેના ૨૫ જેટલા જવામર્દો જવાનો સહિત હાજર રહી

આપતિ વ્યવસ્થાપન અંગેની કામગીરીનું નિદર્શન કરીને માહિતી આપી હતી. આ પ્રસંગે ગણદેવી તાલુકાના મામલતદાર, ડિઝાસ્ટર પ્રોગ્રામ ઓફિસર મામલતદાર નવસારી, કમાન્ડર, આચાર્યશ્રી ડો. વશી, એ.વી. પટેલ કોલેજના આચાર્ય ડો. ભારતીબેન પંચોલી, બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ, બીલીમોરાના સિનીયર પી. એસ. આઇ., કોલેજ પરિવાર અને NSS/NCC ના પ્રોગ્રામ ઓફિસરો તથા સ્કૂલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## આરોગ્ય

ભરૂચ જિલ્લાને થેલેસિમિયાથી મુકત કરવાના મહાઅભિયાનની બીજા તબક્કાની ઉદ્‌ઘાટન કાર્યક્રમ જંબુસર કોલેજમાં તા.૧૮/૦૬/૨૦૧૦ ના રોજ યોજાયો. જેમાં જી.એન.એફ.સી ભરૂચ દ્વારા રેડકીસ ગુજરાતને ૯૩ લાખ રૂપિયાનો ચેક ચીફ માર્કેટીંગ મેનેજર શ્રી એ.વી.લંગોટી તથા એ.જી.એમ. શ્રી ગાયકવાડે રેડક્રોસના ટ્રેઝરરને અર્પણ કર્યો. મહેમાનોને આવકાર પ્રા.ડી.એમ.વાઘેલાએ આપ્યો હતો. રેડક્રોસની પ્રવૃતિઓની ચિતાર શ્રી પ્રકાશભાઈ પરમારે આપ્યો હતો. પ્રસ્તુત પ્રોગ્રામમાં નગર સેવા સદનના ચીફ ઓફિસરશ્રી, ઈ. આચાર્યશ્રી. વગેરે ઉપસ્થિત રહયા આ કાર્યક્રમમાં ૧૦૦ જેટલાં ભાઈ-બહેનોએ ટેસ્ટ કરાવ્યો હતો. તા. ૨૬/૦૬/૨૦૧૦ના રોજ "આંતર રાષ્ટ્રીય નશાબંધી પ્રોગ્રામ" NSS-NCC દ્વારા યોજાયો જેમાં NCC ના પ્રા. ડી. એમ. વાઘેલા, NSS યુનિટના પ્રા. એમ. કે. શાહ, પ્રા. એમ.આર.પટેલ તથા પ્રા. જે. જે. જોષીએ નશા વિષયક પ્રવચન આપ્યું. ઈ. આચાર્યશ્રીએ 'નશાથી યુવાધન ન વેડફાય તે માટેના પ્રચાર-પ્રસારનું કામ ઉપાડવા હાકલ કરી હતી. 'વ્યસન અનેક રોગોનું ઘર' નામે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

## પ્રકાશન



અભિનવ, (૨૦૦૯-૨૦૧૦).
વિવેકાનંદ કોલેજ, સુરત.
સંપાદકો : પ્રા. દિનેશભાઈ વાઘ અને
પ્રા. પત્રલેખાબેન બારડ.

નવનિર્માણ. (૨૦૦૯-૧૦). ડી.આર. પટેલ
અને આર.બી. પટેલ કોમર્સ કોલેજ,
ભરથાણા. સુરત.
સંપાદકો : પ્રા. બ્રિજેશ પટેલ
અને પ્રા. આશિષ દેસાઈ





એમ.ટી.બી.આટર્સ કોલેજ, સુરતના પ્રા. ડૉ. ભાવેશ જાધવનું 'હિન્દી કે નાટક ઔર રંગમંચ' પુસ્તકનું ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

## પીએચ. ડી.

શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટસ અને શ્રીમતી આઈ. એસ.આર.એ. કોમર્સ કોલેજ, વાપીના ગ્રંથપાલ શ્રી એન. એન. સોલંકીએ "યુનિવર્સિટી લાઈબ્રેરીઝ, ધેર ડિપાર્ટમેન્ટલ લાઈબ્રેરીઝ એન્ડ સેન્ટર્સ ઈન ગુજરાત સ્ટેટ : એ સ્ટડી" વિષય પર ડૉ. એસ.એમ.ચારણના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ શોધનિબંધને માન્ય રાખી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદે પીએચ. ડી.ની પદવી એનાયત કરી છે. અભિનંદન

# વાચન વિશેષ

## સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે

અંક ૩૩ થી આગળ ...તકનિકીઓમાંની તાકાતે પ્રક્ષેપાસ્ત્ર તકનિકી નિયંત્રણ અવસ્થાાા અવરોધો નિવારવામાં આપણને સહાય કરી તેથી રાષ્ટ્ર મજબૂત બન્યું. અમારી ટૂકડી આંતરખંડીય બેલિસ્ટિક પ્રક્ષેપાસ્ત્ર (ICBM) સહિત કોઈ પણ પ્રકારની પ્રક્ષેપાસ્ત્ર પ્રણાલીનું નિર્માણ કરી શકે તેમ હતી. આ તબકકા દરમિયાન, મને ઘણી સફળતાઓ અને કેટલીક નિષ્ફળતાઓ પ્રાપ્ત થઈ છે. આ નિષ્ફળતાઓમાંથી હું શીખ્યો અને હિંમતથી તેમનો સામનો કરવા મારી જાતને મજબૂત કરી. આ મારો બીજો તબકકો હતો, જેણે મને નિષ્ફળતાઓનું વ્યવસ્થાપન કરવાના મહત્ત્વપૂર્ણ પાઠો શીખવ્યા. અણુઊર્જા વિભાગ (ડીએઈ) અને ડીઆરડીઓ વચ્ચે સશસ્ત્ર સેનાની સહાય સાથ મહાન સહભાગીપણાથી ભારતને પરમાણુ, શસ્ત્ર સંપન્ન રાજય બનાવવાના અભિયાનમાં ભાગીદારો એ ત્રીજો તબકકો કહી શકાય. આ અભિયાન સંપૂર્ણ સફળ બન્યું હતું.

આમ છતાં જયારે બાળકો મને પૂછે છે. 'છેલ્લાં ચાળીસ વર્ષોમાં તમારા જીવનમાં તમને સૌથી વધુ ખુશી કોણે આપી ?' ત્યારે હું કહું છું કે મને સૌથી વધુ ખુશી ત્યારે છે, જયારે હું હૃદયરોગીઓને પોતાની ધમનીઓમાં કલામ રાજુ (KR) કૉરોનરી સ્ટેંટ લગાડેલા અને વિકલાંગ બાળકોને લાઈટવેટ ફ્લોર રિએકશન ઓર્થોસિસ (FRO) કલિપર્સ લગાવ્યા પછી તેમની મુશ્કેલીઓ હળવી થતી જોઉં છું. આ માટે પ્રક્ષેપાત્ર તકનિકીઓના આનુષાંગિક પરિણામો છે. આ તબકકા દરમિયાન, હું વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ ટેકનોલોજી માહિતી પૂર્વાનુમાન અને આકલન પરિષદ (TIFAC)ના લગભગ બે સત્રો માટે (લગભગ આઠ વર્ષ) અધ્યક્ષના હોદ્દા પર રહયો. આ સમયે ૫૦૦ તજજ્ઞોની ટુકડીના કામના આધાર પર ટેકનોલોજી વિઝન ૨૦૨૦નું સર્જન થયું. જુદાં જુદાં ક્ષેત્રમાં સંકળાયેલા ૫૦૦૦ વિજ્ઞાનીઓ અને તકનિકવિદ્ પાસેથી પ્રાપ્ત થયેલી જાણકારીની મદદથી આ કામ થયું હતું. પછી ટેકનોલોજી વિઝન દસ્તાવેજ અને રાષ્ટ્રીય સલામતી પાસાંઓને જોડીને ભારત સહસ્ત્રાબ્દી મિશન (IIM 2020) તૈયાર કરવામાં આવ્યું. નવેમ્બર ૧૯૯૯માં જયારે મેં ભારત સરકારના મુખ્ય વિજ્ઞાની સલાહકાર તરીકેનો હોદ્દો સંભાળ્યો ત્યારે મારી સમક્ષ આ યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપવાનું અને (IMM 2020) માટેની કાર્યયોજના બનાવવાનું કાર્ય આવી પડયું. હકીકતમાં આ ભારતને વિકસિત રાષ્ટ્રમાં સંક્રમિત કરવાનો માર્ગ દર્શાવતું હતું. દેશ માટે બીજી અંતર્દ્રષ્ટિ શિક્ષણ, કૃષિ તથા અસંખ્ય ગામડાંઓના વિકાસ સંગઠિત કરી હાલ પ્રગતિના પંથે છે. આ વિષય પર સરકારી મંજૂરી મેળવવા માટે કૅબિનેટનો દસ્તાવેજ રજૂ થઈ ચૂકયો છે. આ ત્રીજા તબકકા દરમિયાન, સંસ્થાકીય ભાગીદારીથી તકનિકીયુકત બળનું ઘડતર કરવામાં સમાજની જરૂરિયાત પ્રમાણે ટેક્નોલોજીને અપનાવવામાં અને રાષ્ટ્ર માટે અંતર્દ્રષ્ટિ ઘડવામાં વ્યસ્ત રહયો.

એ. પી. જે. અબ્દુલ કલામ

## પુસ્તક પરિચય

**રંગભૂમિ અને દક્ષિણ ગુજરાત.** લેખક : રજની શેઠ, પ્રકાશકઃ કાનજીભાઈ દેસાઈ સમાજ શિક્ષણ ભવન ટ્રસ્ટ, સુરત. પ્રકાશન વર્ષઃ ૨૦૧૦, મૂલ્ય : રૂા. ૫૦

આ ગ્રંથના લેખક કાનજીભાઈ દેસાઈ સમાજશિક્ષણ ભવન ટ્રસ્ટ, સુરતના પ્રમુખશ્રી રજનીભાઈ શેઠના રંગભૂમિ અને નાટકો વર્ષો સુધી પ્રિય વિષયો રહયા છે. તેમજ વિવિધ લેખનસ્પર્ધાના નાટકમંચના જજ, નાટયલેખન સ્પર્ધાના નિર્ણાયક અને રંગભૂમિ નાટયના સમીક્ષક તરીકની ભૂમિકા તેમણે વર્ષો સુધી ભજવી છે. શ્રી રજનીભાઈ શેઠ એક સાહિત્યકાર, નાટયવિદ, ફ્રીલાન્સ-પત્રકાર અને સામાજિક કાર્યકર તરીકે પ્રસિધ્ધ છે. તદપરાંત ‘જીવન ફોરમ’ માસિકના તંત્રી તરીકે પણ કાર્યરત છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં લેખક દર્શાવે છે કે ‘ગુજરાતી રંગભૂમિ વિષે અત્યાર સુધી જે કંઈ લખાયું છે તે તમામ લેખકોનાં પુસ્તકોમાં દક્ષિણ ગુજરાત વિષે માંડ એકાદ બે પાનાં ચાર છ લીટીઓ અથવા જે તે લેખનકર્તાના સંપર્કમાં હોય તેવી એકાદ બે વ્યકિતઓ સિવાયની કોઈ ખાસ માહિતી ઉપલબ્ધ થયેલી જણાતી નથી.’ આ ગ્રંથ કુલ ૬ પ્રકરણમાં વિભાજીત છે. પ્રકરણ-૧માં રંગભૂમિ-રંગકર્મીઓના પ્રશ્નો, પ્રકરણ-૨માં નાટયશાસ્ત્ર, પ્રકરણ-૩માં રંગભૂમિક્ષેત્રે દક્ષિણ ગુજરાતનું પ્રદાન, પ્રકરણ-૪માં દક્ષિણ ગુજરાતની નાટયપ્રવૃત્તિ, પ્રકરણ-૫માં દક્ષિણ ગુજરાતની ચિરઃસ્મરણીય પ્રવત્તિઓ અને પ્રકરણ-૬માં રંગભૂમિના નેપથ્યના કલાકારો અને પ્રકાશનની માહિતી આપણને મળે છે. આ ગ્રંથમાં વિવિધ સ્થળે પ્રકાશિત સાહિત્ય, સ્પર્ધાના આયોજકો પાસેથી મેળવેલ માહિતી અને સંલગ્ન વ્યકિતઓ પાસેથી મેળવેલ માહિતીના આધારે એક સંદર્ભગ્રંથ આપણને લેખકે પૂરો પાડયો છે. તે માટે લેખક અભિનંદનને પાત્ર છે જ પણ સાથે સાથે સાહિત્યના અન્ય ક્ષેત્રોની વ્યકિતઓને પણ પ્રેરણા પૂરી પાડે છે.યુનિવર્સિટીના ગ્રંથાલયમાં આ વર્ષથી વિવિધ મહાનુભાવોના ગ્રંથોનો અને સુરત વિષેના ગ્રંથોનો સ્વતંત્ર કક્ષ તૈયાર કરવામાં આવ્યો છે ત્યારે સુરત કલેકશન માટે આ ગ્રંથ અમૂલ્ય ભેટ છે. ગુજરાત રાજય તેની સ્વર્ણિમ ઉજવણી કરી રહયું છે ત્યારે આ ગ્રંથનું પ્રગટ થવું તે ગુજરાતને એક ભેટ સમાન છે. આ પ્રકારના ગ્રંથો ગુજરાતના અન્ય વિસ્તારો અને વિષયો પર પ્રકાશિત થાય તે ઈચ્છનીય છે. આ ગ્રંથ રંગભૂમિ ક્ષેત્રે સંશોધન કાર્ય કરવા ઈચ્છતા સંશોધકોને પણ અતિ ઉપયોગી નીવડશે.

જે. આર. મહેતા, કુલસચિવ

## અનુભવ

નોકરી દરમિયાન ઘણી લાલચો ઊભી થવાની હતી, પણ ત્રણ પેઢીથી લોહીમાં અત્યંત પ્રામાણિકતા (અણહકનું ન જ લેવું) વણાઈ ગઈ હતી એટલે નિરાંત હતી. મારા પિતાશ્રી સૉલિસીટર હતા, પણ અસિલોને હંમેશા સાચી જ સલાહ આપતા ને કેસ નબળો હોય તો લડવાને બદલે સમાધાન કરાવતા, જેથી અમારે ત્યાં બીજાની જેમ મોટર કે જાહોજલાલી ન હતી, અરે, મને કેમ્બ્રિજ મોકલવા જેટલા પણ પૈસા ન હતા. આઈ.સી.એસ. થયો ત્યારે દહેરાદૂન જતી વખતે ત્રીજા વર્ગમાંથી સીધો ફર્સ્ટ કલાસ (સરકારી ખર્ચે) હરણફાળ કૂદકો માર્યો ! મને મારી મધ્યમ વર્ગીય સ્થિતીનો સ્વપ્નમાંય રંજ થયો નથી. મારી પાસે જે આંતરિક સંપત્તિ છે તે કદાચ થોડા પાસે હશે. મારી આવડત તથા સચ્ચાઈને પ્રતાપે હું મુખ્યમંત્રી સુધ્ધાંનો ડર રાખ્યા વગર મારા અભિપ્રાયમાં દૃઢ રહી શકતો. ૧૯૭૮માં મુંબઈ સ્થિત અમેરિકન કોન્સલ જનરલે મને પ્રત્યક્ષ કહયું હતું. 'Dalal we in all Embassies in Bombay trust you more than the Foreign Secretray of your country or Foreign Minister.' (મુંબઈસ્થિત બધી વિદેશી કચેરીઓ જેટલો તારામાં વિશ્વાસ રાખે છે એટલો તારા દેશના વિદેશસચિવ કે વિદેશમંત્રીનો પણ વિશ્વાસ નથી રાખતા.) આ સર્ટિફિકેટનું મારે ખૂબ જ મૂલ્ય છે. કોઈને પણ ખાતર હું ખોટું બોલવા કે કરવા તૈયાર ન હતો. એક વખત અમદાવાદમાં એક સ્નેહી પાસપોર્ટ ફોર્મ પર મારી સહી કરાવવા આવ્યા. એમના એક ઓળખીતા યુવકને પણ સાથે લાવ્યા હતા. એને પાસપોર્ટ પર ગેઝેટેડ ઑફિસરની સહીની આવશ્યકતા હતી. મને જણાવ્યું કે ઘણાં વર્ષથી હું આ યુવકને ઓળખું છું એવી ખોટી સહી કેવી રીતે થાય? મેં તો એને પહેલી જ વાર જોયો છે ! આમ મેં ઈન્કાર કર્યો એટલે સ્નેહીભાઈને માઠું લાગ્યું, પણ શું થાય ? મારા સર્ટિફિકેટ (વચન) ની કિંમત હોય તો મારે એને યોગ્ય વર્તવું જ રહે.

(સાભાર : સનદી સેવાનાં સંભારણાં. લેખક : લલિત દલાલ)

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર ‘દક્ષિણાયન’માં પ્રગટ કરવા માટે બી.જે. અંકુયા - તંત્રી, ‘દક્ષિણાયન’, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

> अेष हि अेव अेनं साधु कारयति तं, यं एम्यो लोकेम्यः उन्निनीषते । एष उ एव एनं असाधु कर्म-कारयति तं, यं अधो निनीषते । (३.८)
>
> અર્થાત્ પરમેશ્વર તેની પાસે સારાં કામ કરાવે છે, જેની એ ઉન્નતિ ઈચ્છે છે અને તેની પાસે બૂરાં કામ કરાવે છે, જેની એ અવનતિ ઈચ્છે છે.
>
> કૌષીતકિ ઉપનિષદ


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12  Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Incharge University Librarian**

**Published by : Shri J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com